જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૨/૨૦૨૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૮/૨૦૨૩

## પાસા અટકાયતીની વિગત

### નરોડા પોલીસ સ્ટેશનઃ-

### પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૨૧૧૨૯/૨૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ ડીટીએન/પાસા/૯૬/૨૦૨૩ તા-૦૩/૦૨/૨૦૨૩ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૩/૦૨/૨૦૨૩ ના કલાક-૧૮/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૦૩/૦૨/૨૦૨૩

**આરોપીનુ નામ**

**ધરમવીર ઉર્ફે સતવીર હરદેવરામ જાટ ઉ.વ.૩૮ રહે: ગામ-બીદાસર, તા.લક્ષ્મણગઢ, જીલ્લો- સીકર, રાજસ્થાન**

**કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી**

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.જી.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો. ગજેન્દ્રસિંહ રુપનસિંહ બ.નં. ૮૪૨૨ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો.શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૫૯ લીટર દેશી દારૂ, ૨૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૧/૨૦૨૩

**સરખેજઃ** જયેશભાઇ ગણપતભાઇ સોલંકી (રહે. હરીવિલા ડુપ્લેક્ષ આનંદ આશ્રમ પાછળ ધોળકા રોડ ફતેવાડી) એ તા.૦૩/૦૨/૨૦૨૩ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૩ રાતના ૮/૩૦ થી તા.૦૨/૦૨/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ ધોળકા રોડ આનંદ આશ્રમની આગળ આવેલ બચત બજાર સુપર માર્કેટ નામની દુકાનમાંથી તેમજ સરખેજ ધોળકા રોડ જીવનદીપ હોસ્પીટલની નીચે આવેલ શિવ શક્તિ કીરાણા સ્ટોર્સ નામની કરીયાણાની દુકાનનુ શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી સી.સી.ટી.વી.કેમેરાનુ ડી.વી.આર. કિંમત રૂપિયા ૨૦૦૦/-, વાઇફાઇનુ રાઉટર કિંમત રૂપિયા ૧૦૦૦/-,કરીયાણાનો સામાન અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૩,૭૭૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૨૨/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** ધ્રુમીલભાઈ અનીલભાઈ શાહ (ઉ.વ.૩૫)(ધંધો-કન્સ્ટ્રક્શન)(રહે, તુલીપ સીતાડેલ સોસાયટી, શ્રેયસ ટેકરા, માણેકબાગ, સેટેલાઈટ) એ તા.૦૩/૦૨/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૧/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૦૧/૦૨/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન છારોડી ગોતા ખાતે આવેલ સ્વર્ણીમ હાઈટ્સ નામની નવી બનતી સાઈટની પાછળ ખુલ્લી જગ્યામાં પડેલ સામાનમાંથી આશરે ૧૩૦૦ કીલો લોખંડના સળીયા કુલ કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૨૨૩/૨૦૨૩

**નવરંગપુરાઃ** આંબલી રોડ ડબલ ટ્રી બાય હિલટન નામની હોટલ ખાતે રહેતા ઉષાશ્રી વા/ઓ કિશોરકુમાર વેમુલાપલી (ઉ.વ.૪૬) (રહે. C/o.વી.ભાસ્કરા રાવ, ડોર નં-૫૨-૪-૧૨/એ, સાંઇ મેસની બાજુમાં, વિજયનગર કોલોની, વિજયવાડા, આધ્રપ્રદેશ) તા.૦૨/૦૨/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે જી.એલ.એસ.કોલેજ બહારથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગના એક્ટિવા ઉપર આવેલ એક પુરૂષ ઉષાશ્રી વેમુલાપલીના ગળામાંથી સોનાની કંઠી કિંમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ઉષાશ્રી વેમુલાપલીએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**ચાંદખેડાઃ** માલતીદેવી વા/ઓ જલેશ્વર ઉપાધ્યાય (ઉ.વ.૫૪)(રહે.ચોથો માળ, કેશવ એપાર્ટમેન્ટ, ટી.પી.૪૪ ચાંદખેડા)એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે ચાંદખેડા ઓમકાર લોટસ રેસીડેંન્સી નજીક ભારેશ્વર ડેરીની સામે ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૨ વર્ષના આશરાના) એ ભેગામળી માલતીદેવીના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**ઓઢવઃ** દિનેશભાઇ વિઠલભાઇ નાયક (ઉ.વ.૪૩)(રહે,રાજવીનગર, મહેશ્ર્વરીનગર વિભાગ-૧, ઓઢવ) એ તા.૦૩/૦૨/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૧/૨૦૨૩ ના કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ તક્ષશીલા સ્કુલ, આદર્શ નિવાસ હોસ્ટેલ પાસે ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૨ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી દિનેશભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

## ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૨૪/૨૦૨૩

**નરોડાઃ** નરોડા ન્યુ શાહીબાગ ખાતે નવી બનતી સાઈટ રેવાસા ફ્લેટ ખાતે રહેતા અને ત્યાં જ કામ કરતા અનિલભાઇ દલાભાઇ પટેલ (ઉ.વ.૩૫) (મુળ વતન. ગામ-મોટીજરી તા-દેવગઢ બારીયા જી-દાહોદ) તા.૦૩/૦૨/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી સાઈટ ખાતે ત્રીજા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૫/૨૦૨૩**

**વેજલપુરઃ (૧)** શહેજાદહુસેન મકબુલહુસેન સૈયદ (ઉ.વ.૨૭) (રહે. સંકલીતનગર મહમદી મસ્જીદની બાજુમાં નોલેલ્ટી પાન પાર્લર પાસે જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

**વેજલપુરઃ (૨)** મોહંમદજુનેદ સ/ઓ મોહંમદરફીક મન્સુરી (ઉ.વ.૨૬) (રહે. ગુલાબપાર્ક સોસાયટી અપનાનગર પાસે જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૩ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને ખાતુન હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાંતિભાઇ મગનભાઇ ચલાવે છે.

**નરોડાઃ** હિતકુમાર ભાઇલાલભાઇ પટેલ (ઉ.વ.૨૧) (રહે. દેવનંદન સંકલ્પ સીટી ૧૦૮ સામે હંસપુરા નરોડા) તા.૦૩/૦૨/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી સાંજના ૭/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે સાતમા માળના ધાબા ઉપરથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** રોશની ડો/ઓ પ્રદીપભાઇ રાઠોડ (ઉ.વ.૨૦) (રહે. મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ સોનીની ચાલી ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી